### પાલનપુર સિવિલના તબીબ સામે મહિલા આયોગે આપ્યા તપાસના આદેશ

# પાલનપુર સિવિલના તબીબે પ્રસૂતાના ઓપરેશનના ફોટા વાયરલનો વિવાદ વધ્યો

સરહદી બનાસકાંઠા જિલ્લા મુખ્યાલય પાલનપુરમાં અઠવાડિયા અગાઉ દાંતા ની એક પ્રસુતા મહિલાના ઓપરેશન દરમિયાન લીધેલા ફોટા ડોક્ટરે સોશિયલ મીડિયામાં શેર કરતા વિવાદ વકર્યો છે. જેમાં રાષ્ટ્રીય મહિલા આયોગના ધ્યાને આવતા તપાસના આદેશ આપતા તંત્ર દ્વારા તબીબનો ખુલાસો માંગી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

દાંતાના કાંસા ગામની એક ૨૫ વર્ષીય પ્રસૂતા મહિલાને પેટમાં દુખાવો ઉપડતા સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં તપાસ કરતા બાળક પેટની અંદર મૃત અને ગર્ભાશયની કોથળી ફાટી ગઈ હોવાનું માલુમ પડતા તેના ગર્ભાશયનું ઓપરેશન કરી જીવ બચાવવાનો પ્રયાસ હાથ ધર્યા હતા.


દરમિયાન, સિવિલ હોસ્પિટલના ગાયનેક તબીબ ડોક્ટર રાહુલ પટેલ ઓપરેશન કરતા ફોટા લઈ સોશિયલ મીડિયામાં શેર કર્યા હતા. જોકે, સારવાર કર્યા બાદ ૨૪ કલાક બાદ આ મહિલાનું મોત નિપજયુ હતુ. જ્યારે ગાયનેક ડો. રાહુલ પટેલે મહિલા કે મહિલાના પરિવારજનોની પરવાનગી વગર ઓપરેશન કરતા ફોટા સોશિયલ મીડિયામાં શેર કરતાં બબાલ મચી ગઈ હતી. જે વિવાદ વધુ વકરતા મહિલા આયોગ સહિત તંત્ર હરકતમાં આવતા તપાસનો ધમધમાટ શરૂ થયો છે.

### તપાસના આદેશ આપ્યા : ડો. રાજુલ દેસાઈ



જ્યારે આ બાબત રાષ્ટ્રીય મહિલા આયોગના સદસ્ય ડો.રાજુલાબેન દેસાઈના ધ્યાને આવતા તેમણે આ મામલાને ગંભીરતાથી લીધી હતી. અને પુરાવાઓ સાથે જિલ્લા કલેક્ટર અને જિલ્લા પોલીસવડાને આ મામલે વાતચીત કરી ઊંડાણપૂર્વક ન્યાયિક તપાસના આદેશ કરાયા હોવાનું રાષ્ટ્રીય મહિલા આયોગના સદસ્યા ડો.રાજુલ બેન દેસાઈએ જણાવ્યું હતું.

### તબીબનો ખુલાસો માંગ્યો છે : ડો. ભરત મિસ્ત્રી



જિલ્લા કલેકટરના આદેશ બાદ આરોગ્ય વિભાગે પણ આ મામલે તપાસ હાથ ધરી છે. કોઈપણ દર્દીના ફોટા શેર કરવા તેની પ્રાઈવસીનો ભંગ છે. ત્યારે તાત્કાલિક ધોરણે ફોટા શેર કરનાર ડોક્ટર રાહુલ પટેલને નોટીસ ફટકારી તેમનો ખુલાસો માંગ્યો છે. અને ખુલાસા બાદ આગળની તપાસ હાથ ધરવામાં આવશે તેવું સિવિલ સર્જન ડો.ભરત મિસ્ત્રીએ જણાવ્યું હતું.

### ગંભીર ક્ષતિ જણાયે પગલાં ભરાશે : ડો. સુનિલ જોશી



જ્યારે આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તેમાટે પણ હોસ્પિટલના તમામ તબીબ અને સ્ટાફ સહિતના લોકો માટે કાર્યાલય આદેશ જારી કરી તાકીદ કરાઈ છે. વળી, તબીબ સામે કમિટી બેસાડી ગંભીર ક્ષતિ જણાયે કાયદેસર ની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવું મેડિકલ કોલેજના અધિક્ષક ડો.સુનિલ જોશીએ જણાવ્યું હતું.

# રાજ્યમાં કોરોનાના કેસમાં ઘટાડો : નવા ૮૯૦ કેસ

### રાજ્યમાં કોરોનાથી કુલ ૭ લોકોનાં મૃત્યુ થયા : અત્યાર સુધીમાં કુલ ૯૩૮૪૦૩૦ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૨૨૬૨૦૮ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર,તા.૨૬

રાજ્યમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે ગંભીર થતી જાય છે. ધીરે ધીરે હવે કોરોનાનો આંકડો ૧૪૦૦ ને પાર પહોંચ્યો હતો. જો કે હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો હોય તે પ્રકારે આંકડા ઘટી રહ્યા હતા અને એક સમયે કેસ ૧૦૦૦ની નીચે જતા રહ્યા હતા. જો કે દિવાળી સમયે અચાનક કેસોની સંખ્યામાં ઉછાળો જોવા મળ્યો હતો. રાત્રી કર્ફ્યૂ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા છે. લાંબા સમય બાદ સતત કોરોનાના કેસનો આંકડો ૧૦૦૦ ની નીચે આવ્યો છે.

આજે રાજ્યમાં નવા ૮૯૦ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૧૦૦૨ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૨૬,૨૦૮ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૩.૮૬ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૫૩,૫૩૯ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૮૨૩.૬૮ પ્રતિ મીલીયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૯૩,૮૪,૦૩૦ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૦૪,૫૯૭ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫,૦૪,૪૮૧ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૧૧૬ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે.

જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૦,૫૧૨ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૬૧ છે. જ્યારે ૧૦,૪૫૧ લોકો સ્ટેબલ છે. ૨,૨૬,૨૦૮ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૪૨૭૫ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૦૭ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનના ૦૪, મહેસાણા ૦૧, રાજકોટ કોર્પોરેશન ૦૧ અને સુરત કોર્પોરેશનમાં ૦૧ દર્દી સહિત કુલ ૦૭ દર્દીઓનાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે.

## વેકેશન માણવા આમિર પરિવાર સાથે સાસણમાં

પોરબંદર, તા. ૨૬

બોલિવૂડ અભિનેતા આમિર ખાન પોતાના પરિવાર સાથે પોરબંદર એરપોર્ટ પર આવી પહોંચ્યા હતો. આમિર ખાન તેની પત્ની અને બાળકો સાથે પ્રાઈવેટ પ્લેન મારફતે પોરબંદર આવી પહોંચ્યો હતો. મળતી માહિતી અનુસાર, આમિર ખાન પરિવાર સાથે વેકેશન માણવા ગુજરાત આવ્યો છે.

આમિર ખાન પરિવાર સાથે સાસણ જવા રવાના થયો છે. તેઓ પ્રાઈવેટ વાહનમાં સાસણ જવા રવાના થયા હોવાની માહિતી સામે આવી છે. આમિર ખાન પોતાની એનિવર્સરી મનાવ માટે સાસણ આવ્યો હોવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.

માનવામાં આવી રહ્યું છે કે, આમિર ખાન અને પત્ની કિરણ રાવ તેમની ૧૫મી વેડિંગ એનિવર્સરી ગુજરાતના સાસણમાં ઉજવી શકે છે. આગામી ૨૮મી ડિસેમ્બરના રોજ તેમની મેરેજ એનિવર્સરી છે.

# ખેડૂતને ટેકો આપવા નીકળે તે પહેલા શંકરસિંહ નજરકેદ

### વસંત વગડા ખાતે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત : ગાંધી આશ્રમ ખાતે લગાવવામાં આવેલા તમામ બેનર અને મુખ્ય દરવાજા પાસેથી ઝંડા દૂર કરવામાં આવ્યા છે

ગાંધીનગર,તા.૨૬

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ દિલ્હીમાં ચાલી રહેલા ખેડૂત આંદોલનને ટેકો આપ્યો હતો. તેઓ ગાંધી આશ્રમથી દિલ્હી સુધી ખેડૂત અધિકાર યાત્રા યોજવાના હતા. ત્યારે આજે આંદોલન કરે તે પહેલા જ તેઓને નજરકેદ કરાયા છે. તેમના નિવાસ સ્થાને વસંત વગડા ખાતે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.

ગાંધી આશ્રમ ખાતે લગાવવામાં આવેલા તમામ બેનર અને મુખ્ય દરવાજા પાસેથી ઝંડા દૂર કરવામાં આવ્યા છે. પોલીસ દ્વારા શંકરસિંહ વાઘેલાના ફોટો સાથે લાગેલા બેનરો હટાવવામાં આવ્યા છે. સમગ્ર વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત વધુ ચુસ્ત કરવામાં આવ્યો છે. પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાની ખેડૂત અધિકાર યાત્રા મોકૂફ રાખવામાં



આવી છે. તેઓ ગાંધી આશ્રમથી દિલ્હીના રાજઘાટ સુધી યાત્રા યોજવાના હતા. ત્યારે આજે શંકરસિંહ વાઘેલાએ પત્રકાર પરિષદમાં સરકાર પર પ્રહાર કરતા કહ્યું કે, મેં અટલજીના જન્મ દિવસે યાત્રાની જાહેરાત કરી હતી. આજે સાંજ સુધીમાં નક્કી કરીશ કે કાલથી શું કરવું. પણ હું ખેડૂત અધિકાર યાત્રા કરીશ.

દિલ્હી નહિ જાઉં તો ગુજરાતના ગામડામાં ફરીને ખેડૂતોને મળીશ. સરકારે હું બહાર ન નીકળી શકું તેવી કરી વ્યવસ્થા છે. પણ હું સરકારને પૂછવા માગું છું, કોઈને વિરોધનો અધિકાર નથી? મને સવારે સૂચના મળી કે તમે હાઉસ અરેસ્ટ છો. મને કહેવામાં આવ્યું કે તમે બહાર નહીં જઈ શકો. તેમણે કહ્યું કે, ગાંધીજીના દર્શન નહિ કરવા દે તો ફૂટપાથ પરથી પણ દર્શન કરી દિલ્હી જવા નીકળીશું. ઈમરજન્સીમા આરએસએસના કાર્યકરો કોઈ જેલમાં નથી ગયા. ૧૦૦ લોકોને આઈકાર્ડ સાથે દિલ્હી જવા રવાના થશું. પોલીસને જે કરવું હોય એ કરે. અને દિલ્હી નહિ જવું તો ગુજરાતના ગામડાઓમાં ફરી ખેડૂતોને મળીશ.

# જખૌ દરિયાકાંઠેથી ૪ લાખના ચરસના ૩ પેકેટ મળી આવ્યા

### વર્ષ ૨૦૨૦ દરમિયાન ચરસના અંદાજે ત્રણ કરોડની કિંમતના ૨૦૨ પેકેટ પોલીસ દ્વારા કબજે કરવામાં આવ્યા

ભુજ, તા. ૨૬

ભારતીય કોસ્ટ ગાર્ડે શનિવારે કચ્છના જખૌ નજીક દરિયાકાંઠેથી ચરસના ત્રણ પેકેટ પકડી પાડ્યા છે. પકડાયેલા ચરસની કિંમત રૂ. ૪ લાખ હોવાનું કોસ્ટ ગાર્ડના અધિકારીએ જણાવ્યું હતું. ઈન્ડિયન કોસ્ટ ગાર્ડની ટીમને પેટ્રોલીંગ દરમ્યાન જખૌ નજીકના શેખરણપીર ટાપુમાંથી ચરસના ત્રણ પેકેટ મળી આવ્યા હતા. જખૌના દરિયા કિનારેથી તેમજ આસપાસના ટાપુઓમાંથી પોલીસ સહિતની સુરક્ષા એજન્સીઓને અવારનવાર ચરસના પેકેટ મળી આવે છે.

અગાઉ દરિયામાં પધરાવી દેવાયેલા ચરસના પેકેટ વખતો વખત કચ્છની દરિયાઈ સીમાએથી મળી રહ્યા છે, ત્યારે જખૌ કોસ્ટગાર્ડની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમ્યાન શેખરણપીર ટાપુ પરથી ચરસના ત્રણ પેકેટ મળી આવ્યા છે. અંદાજે ત્રણ કિલો ગ્રામ ચરસનો જથ્થો કોસ્ટગાર્ડની ટીમે હસ્તગત કર્યો હતો. બજાર કિંમત મુજબ ઝડપાયેલા ચરસના ત્રણ પેકેટ અંદાજે ચાર લાખ રૂપિયાના થાય છે. આ અંગે ડીફેન્સ વિભાગના પીઆરઓ સાથે વાત કરતા તેમણે જખૌ નજીકના ટાપુ પરથી ચરસના ત્રણ પેકેટ મળ્યા હોવાની ઘટનાને સમર્થન આપ્યું હતું. વધુમાં ઉમેર્યું હતું કે, વર્ષ ૨૦૨૦ દરમ્યાન અંદાજે ત્રણ કરોડની કિંમતના ૨૦૨ પેકેટ કબજે કરવામાં આવ્યા છે.

આ પૂર્વે ગુજરાતની દરિયાઈ સીમામાંથી ચરસની ઘુસણખોરીનો પ્રયાસ કરાયો હતો, જેમાં ઈરાનીઓ ચરસનો જથ્થો લઈને બોટ મારફતે દરિયામાં આવતા હતા ત્યારે પાકિસ્તાની મરીન સિકયોરિટીએ ઈરાનીઓને ઝડપી પાડયા હતા. જે તે વખતે ઈરાની શખ્સોએ બોટમાં રહેલો ચરસનો જથ્થો દરિયામાં પધરાવી દીધો હતો. આ ઉપરાંત પણ દરિયામાં આવી અનેક ઘટનાઓ ઘટી ચુકી છે, જેમાં ડ્રગ્સના સપ્પાલરો સુરક્ષા એજન્સીઓની નજરે ચડી જતા પોતાની પાસે રહેલો મુદ્દામાલ દરિયામાં પધરાવી દેતા હોય છે, ત્યારે આ રીતે દરિયામાં ફેંકી દીધેલા ચરસ સહિતના નશીલા પદાર્થના પેકેટ અવારનવાર કચ્છની દરિયાઈ સીમા કે ક્રીક વિસ્તાર કે પછી નિર્જન ટાપુ પરથી મળી આવવાની ઘટના ઘટે છે.

જખૌના ટાપુ નજીક કોસ્ટ ગાર્ડની ઈન્ટરસેપ્ટર બોટના પેટ્રોલિંગ દરમિયાન ત્રણ પેકેટ ચરસ મળ્યું હતું. ત્રણ ચરસના પેકેટ મળ્યા હતા જેનું અંદાજીત વજન ૩ કિલો જેટલું છે. કોસ્ટ ગાર્ડના નિવેદન મુજબ જખૌ સહિતના વિસ્તારોમાં સઘન પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું છે. ઈન્ટરસેપ્ટર બોટ અને ક્રાફટ દ્વારા ક્રીક વિસ્તારમાં કડક તપાસ શરૂ કરવામાં આવી છે. ચાલુ વર્ષે બોર્ડર સિક્યોરિટી ફોર્સ, કોસ્ટ ગાર્ડ અને સ્થાનિક પોલીસની તપાસમાં કચ્છ સરહદેથી ચરસના કુલ ૧,૦૦૦ પેકેટો જપ્ત કરાયા છે.

## રાજ્યમાં આગામી ત્રણ દિવસ હાડ થીજાવતી ઠંડીની આગાહી

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાતીઓ ફરી એકવાર રેકોર્ડબ્રેક ઠંડી પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. ઉત્તર ભારતમાં હિમવર્ષાથી ગુજરાતમાં ઠંડીનું જોર વધશે. ૨૭થી ૩૦ ડિસેમ્બર સુધી રાજ્યના અલગ અલગ વિસ્તારોમાં હાડ થીજાવતી ઠંડી પડશે, જેમાં અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતના અલગ અલગ વિસ્તારોમાં કાતિલ પવનો ફૂંકાઈને ઠંડીનો અહેસાસ થશે. ઉત્તર ગુજરાતમાં વધુત્તમ તાપમાન ૭ ડિગ્રી ઘટવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. અમદાવાદ, ગાંધીનગરમાં પણ ૮ ડિગ્રી તાપમાનની શક્યતા બતાવવામાં આવી છે.

ઉત્તર ભારત તરફથી ફૂંકાતા ઠંડા પવનના કારણે ગુજરાતમાં ઠંડીએ સપાટો બોલાવ્યો છે. ગુજરાતમાં ઠંડીમાં દિવસેને દિવસે વધારો થઈ રહ્યો છે. સતત બીજા દિવસે ૮ શહેરમાં સરેરાશ લઘુતમ તાપમાન ૧૨ ડિગ્રીથી નીચે નોંધાયું હતું. નલિયામાં તો પારો ગગડીને ૩.૮ ડિગ્રી પહોંચી ગયો હતો. રાજ્યના તમામ મહાનગરોમાં પણ ઠંડીનો ચમકારો અનુંભવાયો હતો.

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, ગુજરાતમાં ૨૭થી ૩૦ ડિસેમ્બર સુધીમાં હાડ થીજવતી ઠંડીનું પ્રમાણ હજુ વધી શકે છે. રાજ્યમાં સરેરાશ લઘુતમ તાપમાનમાં ૩ ડિગ્રી સુધીનો ઘટાડો થવાની શક્યતા છે. ખાનગી સંસ્થાના અનુમાન પ્રમાણે પણ અમદાવાદમાં ૨૭ ડિસેમ્બર ૩૦ ડિસેમ્બર સુધી અમદાવાદી સહિત સમગ્ર ગુજરાતના લોકોને ટાઢમાં થથરાવું પડી શકે છે. આગામી ૨૮ અને ૨૯ ડિસેમ્બરે ગુજરાતમાં કાતિલ ઠંડી વધશે, જેથી લોકો ફરી એકવાર કાતિલ ઠંડીનો સામનો કરવા માટે જણાવ્યું છે.

# હિરેન પટેલની હત્યા કેસમાં સંડોવાયેલ કોઈને છોડાશે નહી

### ગૃહરાજ્ય મંત્રી પ્રદીપસિંહ જાડેજાનું નિવેદન : રાજ્યના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે ઝાલોદમાં બેઠક

ગાંધીનગર,તા.૨૬

ઝાલોદ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ સ્વ. હિરેન પટેલની હત્યા કેસમાં ગૃહ રાજ્ય મંત્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું કે, આ કેસમાં જે કોઇ પણ સંડાવાયેલા હશે, તેને છોડવામાં નહી આવે. દાહોદ જિલ્લામાં પોતાના પ્રવાસના બીજા દિવસે ઝાલોદ ખાતે સ્વ. પટેલના પરિવારજનોને ફરી મળ્યા હતા.

જાડેજાની ગત્ત સપ્તાહની મુલાકાત બાદ સ્વ. હિરેશ પટેલના પત્ની બિનાબેનનું પણ અવસાન થયું હતું. તેના પગલે જાડેજાએ આજે ફરી પટેલ પરિવારની મુલાકાત કરી શોકસંતૃપ્ત પરિવારજનોને દિલસોજી પાઠવી હતી. તે બાદ ગૃહરાજ્ય મંત્રી પ્રદીપસિંહ જાડેજાએ પ્રાંત અધિકારીની કચેરીમાં અમદાવાદ ક્રાઈમ બ્રાંચના સંયુક્ત કમિશનર અમિત વિશ્વકર્મા, એટીએસના હિમાંશુ શુક્લા, નાયબ પોલીસ મહા નિરીક્ષક એમએસ ભરાડા, પોલીસ અધીક્ષક હિતેશ જોયસર સહિતના અધિકારીઓ સાથે આ કેસ સંદર્ભે મહત્વપૂર્ણ બેઠક યોજી હતી.

બેઠક બાદ એક નિવેદનમાં જાડેજાએ જણાવ્યું કે, સ્વ. હિરેન પટેલની હત્યાની ઘટનાના મૂળ સુધી જઈ, જેમાં હત્યાના સંભવિત કારણો, કોની સૂચનાથી હત્યા થઈ હોઈ શકે જેવા પાસાઓ ધ્યાને રાખી જેમણે પણ હત્યા કરી હોય કે કરાવડાવી હોય, તમામને સજાની પ્રક્રીયા હેઠળ લાવવામાં આવશે. પોલીસ દ્વારા આ કેસમાં તમામ પ્રકારના સાધનિક દ્રષ્ટિકોણથી તપાસ કરવામાં આવી રહી છે.

અત્રે યાદ અપાવવાનું જરૂરી છે કે, આ કેસમાં પોલીસ તંત્ર દ્વારા પહેલેથી જ સઘન તપાસ કરવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં પોલીસ દ્વારા ૬ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે અને બાકીના આરોપીની શોધખોળ ચાલી રહી છે. તેની સાથે પકડાયેલા આરોપી વિરુદ્ધ ટેકનિકલ એવિડન્સ એકત્ર કરવામાં આવી રહ્યા છે.

# ગુજરાતના રાજકારણમાં હવે ઔવેસીની એન્ટ્રી થશે

### ઓવૈસીની પાર્ટીએ વસાવા બંધુઓ સાથે હાથ મિલાવ્યા : ગુજરાતમાં ચૂંટણી લડવા ઔવેસીના પક્ષે વસાવા બંધુઓના બીટીપી સાથે હાથ મિલાવતા રાજ્યના રાજકારણમાં ગરમી

ભરૂચ,તા.૨૬

ગુજરાતમાં ચૂંટણી લડવા માટે અસુદ્દીન ઓવૈસીની પાર્ટીએ વસાવા બંધુઓ સાથે હાથ મિલાવ્યા છે. આવતા મહિને ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી જાહેર થાય એ પહેલાં મોટા સમાચાર સામે આવ્યા છે.

ગુજરાતના રાજકારણમાં અસુદીન ઔવેસીની એન્ટ્રી થઈ રહી છે. ગુજરાતમાં અસદુદીન ઓવૈસીની પાર્ટી એઆઈએમઆઈએમ અને છોટુ વસાવાની પાર્ટીનું ગઠબંધન થયું છે અને આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી સાથે મળીને લડશે તેવી જાહેરાત છોટુ વસાવાએ કરી છે. બીટીપીના પ્રમુખ છોટુ વસાવાએ ટ્વીટ કરીને આ અંગેની જાહેરાત કરી છે. રાજસ્થાનમાં પણ બંને પાર્ટીનું ગઠબંધન થયા તેવા અહેવાલ છે. તો સ્થાનિક સ્વરાજ્યની રાજનીતિની આ સૌથી મોટી ખબર છે.

ગુજરાતમાં ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી, શંકરસિંહ વાઘેલાની પ્રજા શક્તિ પાર્ટી અને છોટુ વસાવાની બીટીપી સાથે હવે ઓવૈસીની પાર્ટીની પણ એન્ટ્રી થઈ છે. જે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડીને ગુજરાતના રાજકારણમા એન્ટ્રી કરશે. આવતા મહિને ૨૦મી તારીખે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થવાની છે અને એ પહેલાં જ સ્થાનિક રાજનીતિમાં ઓવૈસીની એન્ટ્રીથી ગરમાવો આવી ગયો છે.

આ વિશે છોટુ વસાવાએ કહ્યું કે, અમે સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ઓવૈસી સાથે ગઠબંધન કરી ચૂંટણીઓ લડીશું. તેમની સાથે મળીને આગામી ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસને હરાવવાના પ્રયાસો કરીશું. સરકાર જ નક્સલવાદી છે, કોઈ અહીંયા નક્સલવાદી કે આતંકવાદી નથી. ઈકો સેન્સેટિવ ઝોન સામે અદિવાસીઓને બચાવવાની બીટીપીની ભૂમિકા રહેશે. ખેડૂતો મુદ્દે છોટુ વસાવાએ સરકાર પર પ્રહાર કરતા જણાવ્યું કે, એક મહિનો થયો. કોર્પોરેટ સેક્ટર સરકારને ગાઈડ કરે છે. સરકાર ઉધોગોના હાથનું રમકડું બની ગયુ છે.

**ઘરમાં રહો સુરક્ષિત રહો**

## પાઠ ભણાવે છે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

દિલ્હીમાં મોદીની નિંદા કરતાં રહે છે, તેઓ મોદીને લોકતંત્રનો પાઠ ભણાવવામાં રોકાયેલા છે. જમ્મુ-કાશ્મીરની જનતાએ આ ચૂંટણીઓમાં લોકશાહીના મૂળોને મજબૂત બનાવ્યા છે. જમ્મુ-કાશ્મીરના વહીવટ અને સુરક્ષા દળોએ જે રીતે ચૂંટણી યોજી હતી અને આ ચૂંટણીઓ તમામ પક્ષો વતી ખૂબ જ પારદર્શી રહી.

કોંગ્રેસની આકરી ઝાટકણી કાઢતાં પીએમ મોદીએ કહ્યું હતું કે કેટલાક રાજકીય પક્ષોની કથની અને કરનીમાં મોટો તફાવત છે. તેઓ લોકશાહી પ્રત્યે કેટલા ગંભીર છે તેનાથી જ સ્પષ્ટ થાય છે. કેટલાં વર્ષો થયા, પુડુચેરીમાં પંચાયતની ચૂંટણીઓ થવા દેવામાં આવતી નથી.

પીએમ મોદીએ કહ્યું કે તમને આશ્ચર્ય થશે કે સુપ્રીમ કોર્ટે આ આદેશ ૨૦૧૮ માં આપ્યો હતો. પરંતુ ત્યાં જે સરકાર છે તે સતત આ બાબતને ટાળી રહી છે. પુડુચેરીમાં દાયકાઓની રાહ જોયા બાદ ૨૦૦૬માં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ યોજાઈ હતી. આ ચૂંટણીઓમાં ચૂંટાયેલા લોકોનો કાર્યકાળ વર્ષ ૨૦૧૧ માં જ સમાપ્ત થઈ ચૂકયો છે.

આયુષ્માન ભારતનું લોકાર્પણ કરતાં પીએમ મોદીએ કહ્યું કે આ યોજનાનો બીજો ફાયદો એ થશે કે જેનો વારંવાર ઉલ્લેખ કરવો જરૂર છે. તમારી સારવાર ફક્ત જમ્મુ-કાશ્મીરની સરકારી અને ખાનગી હોસ્પિટલો સુધી મર્યાદિત રહેશે નહીં. પરંતુ દેશમાં હજારો હોસ્પિટલો આ યોજના હેઠળ જોડાયેલ છે ત્યાં પણ તમને આ સુવિધા મળશે. પીએમ મોદીએ કહ્યું કે છેલ્લા બે વર્ષમાં દોઢ કરોડથી વધુ ગરીબોએ આયુષ્માન ભારત યોજનાનો લાભ લીધો છે. આનાથી મુશ્કેલ સમયમાં જમ્મુ-કાશ્મીરના લોકોને ઘણી રાહત મળી છે. અહીં લગભગ ૧ લાખ ગરીબ દર્દીઓને હોસ્પિટલમાં ૫ લાખ રૂપિયા સુધીની મફત સારવાર આપવામાં આવી છે.

## બ્રિટન બાદ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

દક્ષિણ આફ્રિકા બાદ આફ્રિકન દેશ નાઈજીરીયામાં કોરોના વાયરસનો એક નવો સ્ટ્રેન જોવા મળ્યો હતો. ગુરુવારના રોજ આફ્રિકાના ટોચના સાર્વજનિક આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું કે કોરોનાની આ નવી સ્ટ્રેન

નાઈજિરીયાના લોકોમાં જોવા મળી છે. આ સ્ટ્રેન વિશે વધુ માહિતી મેળવવા માટે વૈજ્ઞાનિકોની એક ટીમ તપાસ કરી રહી છે. બુધવારે, બ્રિટનમાં દક્ષિણ આફ્રિકાથી આવેલા બે મુસાફરોમાં કોરોનાનું નવું સ્ટ્રેન જોવા મળ્યું. બ્રિટનના આરોગ્ય મંત્રી એ નવા સ્ટ્રેનને ૭૦ ટકા વધુ ચેપી ગણાવ્યું હતું. આફ્રિકા સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શનના વડા જહોન નેકેંગસોંગે નાઈજીરીયાના આ નવા સ્ટ્રેન વિશે જણાવ્યું હતું કે તે યુકે અને દક્ષિણ આફ્રિકાથી અલગ પ્રકારનો છે. નાઈજીરીયા સીડીસી અને ચેપી રોગોના જેનોમિક્સ માટે આફ્રિકન સેન્ટર ઓફ એક્સેલન્સના વૈજ્ઞાનિકો દ્વારા સ્ટ્રેનની તપાસ કરવામાં આવી રહી છે. તેમણે વાયરસની આ પ્રકૃતિની તપાસ માટે વધુ સમય માંગ્યો.

## નવા ૨૬ કેસ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૧૩૬ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૧૦૦૮૧ લોકોનો ક્વૉરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસોમાં ઘટાડાનો ટ્રેન્ડ યથાવત રહ્યો છે. આજે શહેરમાં ૧૫થી પણ નીચે અર્થાત્ માત્ર ૧૨ કેસ નોંધાતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.

શહેરમાં આજે ૧૨ જેટલા સેક્ટરો અને શહેરમાં સમાવિષ્ટ બોરીજ ગામમાંથી કેસ મળી આવેલ છે. શહેરમાં આજે પાંચ મહિલાઓ સંક્રમિત થઈ છે. પાંચ જેટલા દર્દી ૬૦થી વધુ વય ધરાવે છે. આજે સંક્રમિત થનારાઓમાં જીઆઈડીસીના એચ.આર. મેનેજર, બારડોલીના પ્રાથમિક શિક્ષિકા, એસ.આર.પી.નો નિવૃત્ત જવાનનો સમાવેશ થાય છે. શહેરમાં આજે સે.૨૨માંથી બે કેસ મળવા ઉપરાંત સે.૨૮, ૧૩, ૫, ૨૩, ૧, ૨૭, ૧૪, ૧૭, ૪ અને બોરીજ ગામેથી કેસો મળી આવ્યા છે.

શહેરમાં આજે મળેલા દર્દીઓમાંથી બે દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. શહેરમાં ૨૦૦થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે, આજે વધુ ૧૮ દર્દીઓ સાજા થતાં તેમને ડીસ્ચાર્જ આપાવમાં આવેલ છે.

## અર્થવ્યવસ્થા હશે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

એ પહેલા જ મંદી સપડાયું હતું. ૨૦૨૯માં ભારતનો વિકાસ દર ૪.૨ ટકા પર પહોંચી ગયો હતો જે ૧૦ વર્ષનો સૌથી ઓછો વિકાસ દર હતો. રિપોર્ટ મુજબ આર્થિક વિકાસ સાંધી રહેલી અર્થવ્યવસ્થાઓમાં ભારત ૨૦૨૫માં બ્રિટનથી, ૨૦૨૭માં જર્મનીથી અને ૨૦૩૦માં જાપાનથી આગળ નીકળી જશે.